### સોમાતળાવ વિસ્તારમાં ભયાનક અવાજ સંભળાયો, લોકોમાં નાસભાગ

# ફ્લેટની ગેલેરી પડતા અનેક પરિવારો નિરાધાર

**પરીક્ષાના સમયે બાળકોના પુસ્તકો અને સામાન ઘરમાં કેદ; કર્મયોગી સ્કૂલ અને મંદિરમાં આશરો લેવા રહીશો મજબૂર**

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17
વડોદરા શહેરના સોમાતળાવ વિસ્તારમાં ગત રાત્રિએ એક રહેણાંક ફ્લેટની ગેલેરીનો સ્લેબ અચાનક ધરાશાયી થવાની ગંભીર ઘટના બની હતી. આ દુર્ઘટનામાં 30 પૈકીના આશરે 25 મકાનોમાં રહેતા પરિવારોએ રાતોરાત ઘરબાર ગુમાવવાનો વારો આવ્યો છે. કાળઝાળ ગરમી અને પરીક્ષાના સમયમાં બાળકો સહિત અનેક પરિવારો રસ્તા પર આવી ગયા છે. ઘટના સોમવારે રાત્રે આશરે 9:00 વાગ્યાની આસપાસ બની હતી. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, અચાનક જોરદાર અવાજ સાથે બાલકનીનો ભાગ નીચે ખાબક્યો હતો. આ દુર્ઘટનામાં તેજલબેન ત્રિવેદી નામની મહિલા કાટમાળ નીચે દબાઈ જવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા હાલ આઈસીયુ માં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી દોરડા વડે રહીશોનું રેસ્ક્યુ કરી તેમને સલામત રીતે નીચે ઉતાર્યા હતા. ઘટના બાદ રહીશો ભારે આક્રંદ કરી રહ્યા છે. એક પીડિત મહિલાએ જણાવ્યું હતું કે, “અમે પહેરેલા કપડે જીવ બચાવીને નીચે ઉતર્યા છીએ, અમારી પાસે હવે કશું જ બચ્યું નથી. અમે સામાન્ય પગારદાર લોકો છીએ, નવું ઘર લેવાની અમારી ક્ષમતા નથી. જો તંત્ર અમને ઘરની સામે ઘર નહીં આપે તો અમે રજડી પડીશું”. અન્ય એક રહીશે જણાવ્યું કે બાળકોની સ્કૂલ અને પરીક્ષાના પેપરો પણ ઘરમાં રહી ગયા છે, જેના કારણે તેમનું ભવિષ્ય પણ જોખમમાં છે. રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો. લોકોનું કહેવું છે કે દુર્ઘટના બાદ કોર્પોરેશનના અધિકારીઓ સમયસર પહોંચ્યા ન હતા. રહીશોએ માંગ કરી છે કે તંત્ર જલ્દીથી તેમની મુલાકાત લે અને તેમને રહેવા માટે કાયમી વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડે. હાલમાં સોમાતળાવ વિસ્તારમાં આ મામલે ભારે અફરાતફરીનો માહોલ છે અને સ્થાનિક ધારાસભ્યની સૂચના મુજબ કોર્પોરેશનની ટીમ કામગીરીમાં જોડાઈ હોવાનું પણ જાણવા મળ્યું છે.





### હાથમાં વાટકા લઈને કલેક્ટર કચેરી પહોંચ્યા સામાજિક કાર્યકરો

# વિકાસ જોઈએ, વિનાશક દેવું નહીં, વડોદરામાં વધતા દેવા સામે હલ્લાબોલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.17
એકબાજુ ગુજરાત સરકાર ‘વાઈબ્રન્ટ ગુજરાત’ અને ‘વિકાસના રોલ મોડલ’ હોવાના બણગાં ફૂંકી રહી છે, ત્યારે બીજી બાજુ રાજ્યની આર્થિક સ્થિતિ ખોખલી થઈ રહી હોવાના ગંભીર આક્ષેપો સાથે વડોદરાના સામાજિક કાર્યકરો મેદાનમાં આવ્યા છે. રાજ્ય પર સતત વધી રહેલા અબજો રૂપિયાના દેવા સામે આજે ભાવિકા ચાંડોલે અને તેમની ટીમે “હાથમાં વાટકા” લઈ પ્રતિકાત્મક વિરોધ પ્રદર્શન કર્યું હતું. સામાજિક કાર્યકરોએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સત્તાવાર આંકડાઓ મુજબ ગુજરાત પરનું દેવું 3,50,000 કરોડના આંકડાને આંબી રહ્યું છે. જો ગુજરાત ખરેખર આર્થિક રીતે સધ્ધર હોય તો પછી દર વર્ષે હજારો કરોડના નવા દેવા કેમ લેવા પડે છે ? રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતા આ દેવાનું વ્યાજ ચૂકવવામાં જ પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા હોમાઈ રહ્યા છે. આ વ્યાજ રૂપી નાણાં આખરે કોની તિજોરી ભરે છે તે એક મોટો સવાલ છે. આવેદન પત્રમાં સામાજિક કાર્યકરોએ સરકારને અરીસો બતાવતા પ્રશ્નો પૂછ્યા છે કે, જો ગુજરાત શ્રેષ્ઠ મોડલ હોય તો દેવું સતત વધવા પાછળનું તાર્કિક કારણ શું ? આટલા લાખો કરોડના દેવા સામે સામાન્ય મધ્યમ વર્ગ અને ગરીબ જનતાના જીવનધોરણમાં શું સુધારો આવ્યો ? શું આ દેવાનો બોજ આવનારી પેઢી અને યુવાનોના માથે નથી ઝીંકાઈ રહ્યો ? બિનજરૂરી ઈવેન્ટ્સ અને ઉત્સવો પાછળ થતા આંધળા ખર્ચ પર અંકુશ કેમ નથી ? શું સરકાર પાસે દેવું ઘટાડવા માટે કોઈ ‘ફાઈનાન્સિયલ રોડમેપ’ છે કે માત્ર નવી લોન લેવાની જ નીતિ છે ? વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ હાથમાં વાટકા રાખીને સૂત્રોચ્ચાર કર્યા હતા. આ કાર્યક્રમમાં સામાજિક કાર્યકર ભાવિકા ચાંડોલે, રાજેશ માળી, મનીષ ગોસ્વામી, વિઠ્ઠલ આયરે અને સંગ્રામસિંહ કડુ સહિતના અનેક જાગૃત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા અને જણાવ્યું હતું કે જો સરકાર આ બાબતે ગંભીરતા નહીં દાખવે તો આગામી સમયમાં સમગ્ર રાજ્યમાં જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે.



### વાલીઓની ગંભીર બેદરકારી

# બે બાળકો મોપેડ હંકારતા હોવાનો વીડિયો વાયરલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17
વડોદરા શહેરના છાણી તળાવ વિસ્તારમાં બે નાના બાળકોએ મોપેડ હંકારતા હોવાના દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. આ વાયરલ વીડિયો જોઈને લોકોમાં ચિંતા સાથે વાહન ચલાવનાર બાળકોના વાલીઓ સામે રોષની લાગણી વ્યાપી છે. કારણકે, જો કોઈ અકસ્માત થશે તો જવાબદાર કોણ ? શહેરમાં એકતરફ અકસ્માતોની ભરમાર જોવા મળી રહી છે, કેટલાય પરિવારો પોતાના સ્વજનોને અકસ્માતમાં ગુમાવી રહ્યા છે. અકસ્માતોની વણઝાર અટકવાનું નામ લઈ નથી રહી, પોલીસ વિભાગ પણ લોકોને ટ્રાફિક નિયમનનું પાલન કરવા અપીલ કરવામાં આવી રહી છે, તેમ છતાં આજે પણ કેટલાક ચાલકો બેફામ ગતિએ વાહન હંકારી અકસ્માત સર્જી રહ્યા છે. તેવામાં આજે એક એવો વીડિયો સામે આવ્યો છે, જેમાં બાળકોના માતા પિતાની ગંભીર બેદરકારી જોવા મળી છે. શહેરના છાણી તળાવની નજીક આશરે 9 થી 10 વર્ષની વયના બે બાળકો મોપેડ જોખમી રીતે હંકારી રહ્યા છે. જે માર્ગ પરથી આ બાળકો મોપેડ ચલાવીને લઈ જઈ રહ્યા છે. જો કોઈ મોટી દુર્ઘટના સર્જાત તો જવાબદાર કોણ ? બાળકોના માતા-પિતાને આની જાણ નથી ? શું વાહનની ચાવી તેમને આપવામાં આવી ? કે જાતેજ લઈને આ બાળકો નીકળી પડ્યા. છાણી તળાવ નજીક રસ્તા પરથી મોપેડ હંકારી જઈ રહેલા બે બાળકોનો વીડિયો કોઈ જાગૃત નાગરિકે ઉતારી વાયરલ કર્યો હતો.



### ગેંડા સર્કલ પાસે ડમ્પર અને કાર વચ્ચે ટક્કર થતા શાબ્દિક ઘર્ષણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17
શહેરના ગેંડા સર્કલ પાસે ટ્રાફિક સિગ્નલ ખોલતા જ ઉતાવળની લ્હાયમાં ડમ્પર અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે બંને ચાલકો વચ્ચે આક્ષેપ પર પ્રતિ આક્ષેપ કરવામાં આવ્યા હતા. વડોદરા શહેરમાં રફતારનો કહેર જોવા મળી રહ્યો છે. દરરોજ નાના મોટા અકસ્માતોની ભરમાર થઈ રહી છે. ઘણા કિસ્સામાં તો કેટલાક ચાલકો ટ્રાફિકના નિયમોને નેવે મૂકી પોતાનો અને બીજાના જીવ પણ જોખમમાં મૂકી દેતા હોય છે. ત્યારે, આવી જ એક ઘટના આજે શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગેડા સર્કલ પાસે બની હતી. ટ્રાફિક સિગ્નલ ખુલતા જ ડમ્પર અને કાર વચ્ચે ટક્કર થઈ હતી. જોરદાર બ્રેક મારી દેતા મોટી દુર્ઘટના થતા ટળી હતી. જ્યારે કારને નુકસાન થયું હતું. સદનસીબે કારમાં સવાર દંપતિનો આબાદ બચાવ થયો હતો. આ ઘટના બાદ ટ્રાફિકજામ થયો હતો.

### વડોદરામાં ‘વન ડે વન રોડ’ મિશન

# ફતેગંજ મેઈન રોડ પર કોર્પોરેશનનો સપાટો, દબાણોનો ખુરદો બોલાવ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17
વડોદરા શહેરને ટ્રાફિક મુક્ત અને સ્વચ્છ બનાવવાના ઉદ્દેશ્ય સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા ‘વન ડે વન રોડ’ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ મિશન અંતર્ગત આજે શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા ફતેગંજ મેઈન રોડ પર મ્યુનિસિપલ કમિશનરના આદેશ અનુસાર મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી, જેમાં રસ્તા પરના નડતરરૂપ દબાણો દૂર કરી દેવામાં આવ્યા હતા. આ કામગીરીમાં વડોદરા કોર્પોરેશનની વિવિધ શાખાઓ જેવી કે દબાણ શાખા, સેનેટરી ટીમ, ગાર્ડન શાખા અને એન્જિનિયરિંગ શાખાની ટીમોએ સંયુક્ત રીતે ભાગ લીધો હતો. ફતેગંજ વિસ્તારના મુખ્ય માર્ગ પર વર્ષોથી જામી ગયેલા ગેરકાયદેસર દબાણો, લારી-ગલ્લાઓ અને ફૂટપાથ પર રાખવામાં આવેલી ચીજવસ્તુઓને હટાવવા માટે સવારથી જ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી હતી. વડોદરા મહાનગરપાલિકા દ્વારા જણાવ્યું હતું કે, “માનનીય કમિશનર સાહેબના સૂચન મુજબ ‘વન ડે વન રોડ’ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આજે ફતેગંજ મેઈન રોડ પર કામગીરી કરવામાં આવી છે, જેમાં ટ્રાફિકને અડચણરૂપ હોય તેવી કુલ 3 ટ્રક ભરીને ગેરકાયદેસર લારીઓ અને અન્ય માલસામાન જપ્ત કરવામાં આવ્યો છે.” કોર્પોરેશન દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શહેરના ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે આ અભિયાન સતત ચાલુ રહેશે. આગામી સપ્તાહમાં શહેરના અન્ય કોઈ મુખ્ય માર્ગને પસંદ કરીને આ પ્રકારે જ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.



### 11 વર્ષ બાદ કોર્ટે ચુકાદો આપ્યો

# યુવતીને ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતારનાર હત્યારાને આજીવન કેદ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17
વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં વર્ષ 2015માં પ્રેમ સંબંધનો ઈન્કાર કરનાર પ્રેમિકાને મોતને ઘાટ ઉતારવામા આવી હતી. ત્યારે આ યુવતીન હત્યા કેસમાં કોર્ટે 11 વર્ષ બાદ ચુકાદો આવ્યો છે.

જેમાં હત્યારા હરપાલ ઉર્ફે હાર્દિક કિરીટ પટેલને કોર્ટ દ્વારા આજીવન કેદ તથા રૂપિયા 1 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. વડોદરા શહેરના વડસર જીઆઈડીસી રોડ પર આવેલી મારુતિધામ સોસાયટીમાં રહેતા હરપાલ ઉર્ફે હાર્દિક કિરણ પટેલે યુવતીને દીકરી સાથે પ્રેમ સંબંધ રાખવા દબાણ કર્યું હતું. પરંતુ યુવતીએ પ્રેમ સંબંધ રાખવા માટે ઈનકાર કર્યો હતો. જેથી આરોપીએ દોરડા વડે ગળે ટૂંપો આપી તેની નિર્દયતાથી હત્યા કરી હતી. માંજલપુર પોલીસે હત્યાના ગુનામાં મહત્વના પુરાવાઓ, સાક્ષીઓ તથા એફએસએલ રિપોર્ટ સમયસર એકત્રિત કરી ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ચેન ઓફ કસ્ટડી જાળવી રાખતાં કેસને કોર્ટમાં મજબૂત રીતે રજૂ કરવામાં આવ્યો હતો. વડોદરાની એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલેલા ટ્રાયલ દરમિયાન સરકારી વકીલ એન.યુ. મકવાણાએ મજબૂત દલીલો રજૂ કરી હતી.

પોલીસ અને સરકારી વકીલની દલીલને ધ્યાને લઈ કોર્ટે તમામ પુરાવાઓને ધ્યાનમાં લઈ આરોપીને દોષિત ઠેરવી આરોપીને આજીવન કેદ તથા રૂપિયા 1 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. જો દંડ ભરવામાં નહીં આવે તો આરોપીને વધારાના 6 મહિનાની સાદી કેદ ભોગવવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે. કોર્ટના આ હુકમને પગલે કોર્ટ પરિસરમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

### એક તરફનો રસ્તો બંધ કરી દેવાયો

# નેશનલ હાઈવે નં.48 પર નંદેસરી નજીક CNG રીક્ષા સળગી, ચાલકનો બચાવ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17
વડોદરા શહેર નજીક નેશનલ હાઈવે નંબર 48 પર નંદેશરી પાસે સીએનજી રીક્ષામાં અચાનક આગ લાગી હતી. એકાએક આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર રીક્ષા આગની લપેટમાં બળીને ખાખ થઈ ગઈ હતી. જોકે સત્વરે ચાલક બહાર આવી જતા તેનો આબાદ બચાવ થયો હતો. વડોદરા શહેરમાં ગરમીના પ્રારંભે આગ લાગવાના બનાવવામાં નોંધપાત્ર વધારો થયો હતો. જે સિલસીલો આજે પણ યથાવત જોવા મળી રહ્યો છે. વાહનો, મકાનો, દુકાનો સ્ક્રેપના ગોડાઉન સહિત કચરામાં આગના બનાવો સામે આવી રહ્યા છે. તેવામાં વધુ એક આગ લાગવાનો બનાવ શહેર નજીક નંદેસરી પાસે બન્યો હતો નેશનલ હાઈવે નંબર 48 ઉપર થી પસાર થઈ રહેલી એક રિક્ષામાં ધુમાડા નીકળ્યા બાદ અચાનક આગ લાગી હતી. જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જોકે, ચાલકે તે પૂર્વે સમયસુચકતા વાપરી ત્વરિત બહાર આવી જતા તેનો આબાદ બચાવ થયો હતો. જ્યારે બીજી તરફ સીએનજી રીક્ષામાં આગને પગલે એક તરફનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. બનાવની જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો સ્થળ પર પહોંચ્યા હતા અને પાણીનો માળો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગની લપેટમાં રીક્ષા બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે જાનહાનિ થતા ટળી હતી.



### મૃતકના પરિવારજનોમાં આક્રોશ

# વડોદરા સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદીનું મોત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17
વડોદરાના વરણામા પોલીસ મથકમાં આવતા અણખી પાસે ગટરમાં ઉતરવાના કારણે બે કામદારોના મોત થતા કોન્ટ્રાક્ટર સહિત ત્રણ સામે બેદરકારી બદલ માનવવધનો ગુન્હો નોંધાયો હતો. જે પૈકીનો એક આરોપી હતો. વડોદરા સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી જયેશ નટવર પંડ્યાનું મોત થતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાને પગલે પરિવારજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

વડોદરા શહેરની રોડ પર આવેલી સુભાષપાર્ક સોસાયટીમાં જયેશ નટવરભાઈ પંડ્યા ગટરમાં ઘુંઘડામણ થવાના કારણે બે કામદારોના મોત થયા હતા ત્યારે આ માનવ વધના ગુનામાં જયેશ પંડ્યા ગત 5 માર્ચ 2026ના રોજ વડોદરા સેન્ટ્રલ જેલમાં કાચા કામના આરોપી તરીકે રાખવામાં આવ્યા હતા. તેની સામે વરણામા પોલીસ મથકમાં BNS કલમ 105, 54 તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. જેલમાં તેઓને આજે 17 માર્ચના રોજ સવારે રૂટિન મુજબ મેડિકલ પણ કરવામાં આવ્યું છે. પરંતુ અચાનક ગભરામણ થતા તબિયત બગડી હોવાનું જણાતા કેદીને તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ત્યાંરે પરિવારજનોમાં ભારે આક્રંદ અને આક્રોશ ફાટી નીકળ્યો હતો. પરિવારજનોનો આક્રોશ છે કે તેમના પર ખોટી રીતે કેસ કરવામાં આવ્યો હતો અને જેલમાં થયેલા મોતને કારણે તેઓમાં રોષ વ્યાપ્યો છે. મૃતદેહને હાલ સયાજી હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ પૂર્ણ થયા બાદ તેને પરિવારને સોંપવામાં આવશે. પોલીસ અને જેલ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

### વિશ્વામિત્રીના ‘રાજા’ પર ઝેરી પાણીનું સંકટ!, તપાસનો ધમધમાટ તેજ

# વડોદરામાં વધુ એક 14 ફૂટનો મગર મૃત મળ્યો!, ત્રણ માસમાં ચારના મોત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17
સંસ્કારી નગરી વડોદરાની ઓળખ સમાન વિશ્વામિત્રી નદીમાં મગરોના મોતના બનાવોએ વન વિભાગ અને શહેરના પર્યાવરણપ્રેમીઓમાં ચિંતાનું મોજું ફેરવી દીધું છે. ગઈકાલે સાંજે શહેરના નરહરી હોસ્પિટલ પાછળના નદીના પટમાં વધુ એક 14 ફૂટ લાંબો મહાકાય મગર મૃત હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી. નોંધનીય છે કે, છેલ્લા બે થી ત્રણ મહિનામાં જ શહેરમાં 3 થી 4 મગરોના મોત થયાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, નરહરી હોસ્પિટલ પાછળ આવેલા નદીના ઘાટ પાસે એક વિશાળ મગર સ્થિર હાલતમાં હોવાનું સ્થાનિકોના નજરે પડ્યું હતું. લાંબા સમય સુધી હલનચલન ન થતા મગર મૃત હોવાની આશંકાએ વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વડોદરા ફોરેસ્ટની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ 14 ફૂટ લાંબા આ મગરના મૃતદેહને પાણીની બહાર કાઢ્યો હતો. આ મામલે વન વિભાગના અધિકારી કરણસિંહ રાજપુત એ જણાવ્યું હતું કે, “મગરનું મૃત્યુ કયા કારણોસર થયું છે તે હજુ સ્પષ્ટ નથી. મગરના દેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. રિપોર્ટ આવ્યા બાદ જ સાચું કારણ જાણી શકાશે.” વન વિભાગ હાલમાં મગર કુદરતી રીતે મૃત્યુ પામ્યો છે કે પછી નદીમાં વધી રહેલા પ્રદૂષણને કારણે તેનું મોત થયું છે, તે દિશામાં તપાસ ચલાવી રહ્યું છે.



### હાઈકોર્ટનો આદેશ કાગળ પર, આંગણવાડીની બહેનો રસ્તા પર !

# આંગણવાડી બહેનોનો સરકાર સામે ગર્જના, 5,000માં ઘર કેમ ચલાવવું ?

(પ્રતિનિધિ), વડોદરા. તા.17
વડોદરામાં આજે આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનોના રોષનો જ્વાળામુખી ફાટ્યો હતો. લાંબા સમયથી પડતર માંગણીઓ અને ગંભીર આર્થિક ખેંચતાણનો સામનો કરી રહેલી હજારો મહિલાઓએ આજે સરકાર સામે બાયો ચઢાવી છે. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન (G.A.K.S.) ના નેજા હેઠળ ફતેગંજ સ્થિત વોર્ડ-3 ની વહીવટી કચેરીએ મોટી સંખ્યામાં બહેનો એકઠી થઈ હતી. સૂત્રોચ્ચાર સાથે બહેનોએ તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. આવેદનપત્રમાં રજૂઆત કરતા સંગઠનના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, નામદાર હાઈકોર્ટ દ્વારા આંગણવાડી વર્કરો માટે 24,500 ના વેતન ધોરણનો સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યો છે, તેમ છતાં સરકાર આ આદેશનો અમલ કરવામાં ઉદાસીનતા દાખવી રહી છે. બહેનોએ આક્ષેપ કર્યો હતો કે, પાયાનું કામ કરવા ઉપરાંત તેમના પર ‘ટેકો’ એપ્લિકેશન સહિતની અટપટી ઓનલાઈન કામગીરી થોપી દેવામાં આવી છે. આવેદનપત્રમાં ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે જો સરકાર સત્વરે નિર્ણય નહીં લે તો આંદોલન વધુ ઉગ્ર બનશે. સંગઠને સત્તાવાર જાહેરાત કરી છે કે, 18, 19 અને 20 માર્ચ દરમિયાન તમામ આંગણવાડીઓ પર તાળાબંધી જેવી સ્થિતિ રહેશે. તમામ વર્કર અને હેલ્પર ‘રજા રિપોર્ટ’ આપીને તમામ ઓનલાઈન અને ઓફલાઈન કામગીરીનો બહિષ્કાર કરશે. વહેલી તકે પગાર વધારો, નિવૃત્તિ વય મર્યાદા 60 વર્ષ કરવી અને બાકી ભથ્થાની ચૂકવણી કરવી અનિવાર્ય છે. સી.ડી.પી.ઓ. પ્રોગ્રામ ઓફિસરને આવેદનપત્ર આપીને બહેનોએ સ્પષ્ટ કર્યું છે કે, હવે માત્ર આશ્વાસનોથી કામ નહીં ચાલે. જો 17 માર્ચ સુધીમાં સરકાર તરફથી કોઈ હકારાત્મક સંકેત નહીં મળે, તો રાજ્યવ્યાપી હડતાળને કારણે આંગણવાડીના હજારો ભૂલકાઓના પોષણ અને શિક્ષણ પર જે અસર પડશે તેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે.



### શહેરીજનોને પૌષ્ટિક આહાર અંગે જાગૃત કરવા પાલિકાનો નવતર પ્રયોગ

# ‘મિલેટ મહોત્સવ’ : અકોટા સ્ટેડિયમ ખાતે આરોગ્ય-સ્વાદનો સંગમ રચાશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17
વડોદરા શહેરના નાગરિકોમાં આરોગ્યપ્રદ જીવનશૈલી અને પૌષ્ટિક આહાર પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા ‘મિલેટ મહોત્સવ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવની પૂર્વતૈયારીઓના ભાગરૂપે પાલિકાની વડી કચેરી ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં કાર્યક્રમના સ્થળ અને આયોજન અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. મ્યુનિસિપલ કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારી ની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં પાલિકાના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન મહોત્સવના સુચારુ આયોજન, વ્યવસ્થાપન અને જનભાગીદારી વધારવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓએ શહેરના મધ્યમાં અને નાગરિકોને સરળતા રહે તે રીતે અકોટા સ્ટેડિયમ પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, આ વર્ષનો મિલેટ મહોત્સવ અકોટા સ્ટેડિયમ ખાતે યોજાશે.

આ સ્થળ પર સ્ટોલ્સ, પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે પૂરતી જગ્યા હોવાથી તેને આખરી ઓપ આપવામાં આવ્યો છે. મહોત્સવમાં બાજરી, જુવાર, રાગી અને વરી જેવા જાડા ધાન્ય ના ફાયદાઓ વિશે નાગરિકોને માહિતગાર કરવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનરે શહેરના તમામ નાગરિકોને આ મહોત્સવમાં પરિવાર સાથે જોડાવા ખાસ અનુરોધ કર્યો છે. ફાસ્ટ ફૂડના યુગમાં પરંપરાગત અને શક્તિવર્ધક આહાર તરફ વળવા માટે આ એક સોનેરી તક હોવાનું તેમણે જણાવ્યું હતું.



# વારસિયા રીંગ રોડ પર પરિણીતાએ ફાંસો ખાઈ આત્મહત્યા કરતાં ચકચાર

વડોદરા : વડોદરા શહેરના વારસિયા રીંગ રોડ પર આવેલા વિજયનગર વિસ્તારમાં માતાજીના મંદિર પાસે હૃદયદ્રાવક ઘટના બની હતી. પરિણીતાએ અગમ્ય કારણોસર ઝાડ પર દોરડા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થળ પર મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. વડોદરા ના વારસિયા રીંગ રોડ પર આવેલા વિજયનગર વિસ્તારમાં નિધિ પ્લોટ પાછળ રહેતી ધનસાબેન હસમુખભાઈ ચુનારા રોજિંદા કામકાજ દરમિયાન પશુઓ માટે પાલો કાપવા માટે માતાજીના મંદિર નજીક આવેલા વડના ઝાડ પર ચડ્યા હતા પાલો કાપ્યા બાદ થોડા સમય પછી અજાણ્યા કારણોસર તેમણે એ જ ઝાડ પર દોરડા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાની ખબર વાયુવેગે ફેલાતા આસપાસના લોકો મોટી સંખ્યામાં સ્થળ પર ઉમટ્યા હતા. ઝાડ પર લટકતી મહિલાનો મૃતદેહ જોઈને કેટલાક લોકો દંગ રહી ગયા હતા, જ્યારે વિસ્તારમાં ગભરાટનો માહોલ છવાઈ ગયો હતો.


